પ્રોફેશનલ અભ્યાસક્રમોના પ્રવેશની કાર્યવાહીમાં પ્રવેશ લાયકાત તથા મેરીટની જોગવાઈ અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૨૧-૭૪૪-સ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૭/૦૭/૨૦૨૧

<u>વંચાણે લીધા:-</u>

1) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી નો ઠરાવ ક્રમાંક પવસ-૧૦૨૦૨૧-૭૪૪-સ તા. ૨૫/૦૬/૨૦૨૧ દ્વારા પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે રચાયેલ સમિતિની ભલામણો
2) ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા પ્રસિધ્ધ કરાયેલ વર્ષ ૨૦૨૧-૨૨ ની એન્યુઅલ પ્રોસેસ હેન્ડબુક
3) ગુજરાત વ્યવસાયિક શિક્ષણ કોલેજ અને સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ના નિર્ધારણ) એક્ટ ૨૦૦૮ તથા તેના આનુસાંગિક સુધારાઓ
4) ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા પ્રસિધ્ધ કરાયેલ એન્યુઅલ પ્રોસેસ હેન્ડબુક-૨૦૨૧-૨૨ અને નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ ના પ્રકાશમાં સુધારા વિશે સ્પષ્ટતા

આમુખ :-

રાજ્યના વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમોના પ્રવેશની જોગવાઈ અંગે ગુજરાત વ્યવસાયિક શિક્ષણ કોલેજ અને સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ના નિર્ધારણ) એક્ટ ૨૦૦૮ હેઠળ ડીગ્રી ઈજનેરી અને ફાર્મસીના પ્રવેશના નિયમોનું ગઠન અને મેરીટની પદ્ધતિનું જાહેરનામું રાજ્યનો શિક્ષણ વિભાગ વખતોવખત જાહેર કરે છે. તાજેતરમાં પ્રોફેશનલ અભ્યાસક્રમો માટેની દેશની વૈધાનિક સંસ્થાન AICTE, New Delhi દ્વારા પ્રવેશ વર્ષ ૨૦૨૧-૨૨ માટેની ડીગ્રી ઈજનેરીની પ્રવેશ અંગેની લાયકાતોમાં ફેરફાર અને તેને આનુષાંગિક ડિગ્રી ઈજનેરી અને ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના મેરીટ તૈયાર કરવામાં થનાર સંભવિત અસરોને ચકાસી તથા પ્રવર્તમાન મેરીટ પદ્ધતિ અને લાયકાત પર પુખ્ત વિચારણા કરવા માટે સમિતિની રચના કરવામાં આવેલ હતી, જેની ભલામણો, AICTEની જોગવાઇઓ અને નવી શિક્ષણ નીતિ (NEP-2020)ના આયામોને કેન્દ્રબિંદુમાં રાખીને વિદ્યાર્થીઓના બહોળા હિતમાં પ્રોફેશનલ અભ્યાસક્રમોની પ્રવેશ કાર્યવાહીમાં મેરીટ તથા પ્રવેશ લાયકાતની જોગવાઈને ધ્યાને લઈને ફેરફાર ની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ: -

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત તમામ પાસાઓને ધ્યાને લઇને ડિગ્રી ઈજનેરીની પ્રવેશ લાયકાતમાં તથા મેરીટ પદ્ધતિમાં નીચે મુજબના ફેરફારો જાહેર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧) પ્રવેશ વર્ષ ૨૦૨૧-૨૨ માં ગુજરાત રાજ્યની ઈજનેરી વિદ્યાશાખામાં નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવેલ વિદ્યાશાખા/અભ્યાસક્રમમાં ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન

કે બાયોટેકનોલોજી વિષયના થીયરીના ગુણ પર આધારિત મેરીટ બનાવી પ્રવેશ આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીની પ્રવેશ લાયકાત માટે ગણિતશાસ્ત્ર / જીવવિજ્ઞાન / ભૌતિકશાસ્ત્ર / રસાયણશાસ્ત્ર / કોમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેકનોલોજી / ઈલેક્ટ્રોનિકસ / ટેકનિકલ વોકેશનલ વિષય પૈકી કોઈપણ ત્રણ વિષયની પરીક્ષા ૪૫% માર્ક્સ (અનામત કેટેગરી માટે ૪૦% માર્ક્સ) સાથે પાસ કરેલ હોવી જોઈએ. પ્રવેશના મેરીટ માટે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન સંબંધિત વિષયોની પ્રવેશ પરીક્ષા ધ્યાને લેવાની રહેશે.

<u>ઈજનેરીની વિદ્યાશાખાની યાદી</u>

| | | |
|---|---|---|
| બાયોમેડિકલ એન્જિનિયરિંગ | બાયોટેકનોલોજી એન્જિનિયરિંગ | નેનો ટેકનોલોજી એન્જિનિયરિંગ |
| ડેરી ટેકનોલોજી | ફૂડ ટેકનોલોજી | રબ્બર ટેકનોલોજી |
| ટેક્સટાઇલ ટેકનોલોજી | ટેક્સટાઇલ એન્જિનિયરિંગ | ટેક્સટાઇલ પ્રોસેસિંગ |
| એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ | એગ્રિકલ્ચર ટેકનોલોજી | કેમિકલ અને બાયોકેમિકલ એન્જિનિયરિંગ |
| બાયોમેડિકલ એન્ડ રોબોટિક એન્જિનિયરિંગ | કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બાયો સાયન્સ | બાયોઈન્ફોર્મેટિક્સ |

૨) પ્રવેશ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઉપરોક્ત ઈજનેરી વિદ્યાશાખા સિવાય બાકીની તમામ ઈજનેરી વિદ્યાશાખામાં / અભ્યાસક્રમમાં ફરજિયાત વિષયો તરીકે ભૌતિકશાસ્ત્ર તથા ગણિતશાસ્ત્ર ઉપરાંત રસાયણશાસ્ત્ર વિષયના થીયરીના ગુણ આધારિત મેરીટ બનાવી પ્રવેશ આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીની પ્રવેશ લાયકાત માટે ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર સાથે રસાયણશાસ્ત્ર / જીવવિજ્ઞાન / કોમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેકનોલોજી / ઈલેક્ટ્રોનિકસ/ ટેકનિકલ વોકેશનલ વિષયની પરીક્ષા ૪૫% માર્ક્સ (અનામત કેટેગરી માટે ૪૦% માર્ક્સ) સાથે પાસ કરેલ હોવી જોઈએ. પ્રવેશના મેરીટ માટે ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર સાથે રસાયણશાસ્ત્ર વિષયોની પ્રવેશ પરીક્ષા ધ્યાને લેવાની રહેશે.

૩) AICTE દ્વારા નક્કી કરાયેલ પ્રવેશ લાયકાતના ધોરણો નવી શિક્ષણ નીતિ (NEP-2020) ને અનુરૂપ કરવામાં આવેલ છે. આ બાબત હાયર સેકન્ડરી સ્તરે બોર્ડની સમયાંતરે વિદ્યાર્થીઓને વિવિધ વિષયો ઓફર કરવાની જોગવાઈ તથા તેને સંબંધિત પ્રવેશ પરીક્ષાની જોગવાઈનો અમલ થયા બાદ સંપૂર્ણ લાયકાતને પ્રથમ મેરીટની જોગવાઈમાં લાવી શકાય. તે મુજબ પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩થી ઇજનેરીની તમામ વિદ્યાશાખામાં AICTE દ્વારા સૂચવેલ વિષયો પૈકી ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન કે બાયોટેકનોલોજી વિષયના થીયરી ગુણ આધારિત મેરીટ બનાવી પ્રવેશ આપવામાં આવશે. જેમાં લાયકાત માટે ઉપરોક્ત વિષય સાથે અન્ય વિષયોમાં કોમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેકનોલોજી / ઈલેક્ટ્રોનિકસ / બીઝનેસ સ્ટડી / એન્ટરપ્રિન્યોરશીપ / ટેકનિકલ વોકેશનલ વિષયમાં ૪૫% માર્ક્સ (અનામત કેટેગરી માટે ૪૦% માર્કસ) સાથે પાસ કરેલ

હોવી જોઈએ. પ્રવેશના મેરીટ માટે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન જેવા અન્ય સંબંધિત વિષયોની પ્રવેશ પરીક્ષા ધ્યાને લેવાની રહેશે.

૪) તમામ યુનિવર્સિટીઓએ વિવિધ પૃષ્ઠભૂમિથી આવતા વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમને ધ્યાને રાખીને યોગ્ય બ્રિજ અભ્યાસક્રમો જેવા કે ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, એન્જિનિયરિંગ ડ્રોઇંગ વગેરેનો સમાવેશ ફરજિયાત પણે કરવાનો રહેશે.

૫) આ ઉપરાંત, ગુજરાત વ્યવસાયિક શિક્ષણ કોલેજ અને સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ના નિર્ધારણ) એક્ટ, ૨૦૦૮ હેઠળ ડિગ્રી ઈજનેરી તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં સરકારી બેઠકોમાં સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૯૫% બેઠક અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો પર મેરીટની કાર્યવાહી નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

- ધોરણ-૧૨ના ઉક્ત લાયકાતના વિષયોમાં થીયરીના બોર્ડ દ્વારા અપાયેલ પર્સેન્ટાઇલ ના ૫૦% અને સંબંધિત પ્રવેશ વર્ષની ગુજસેટ પરીક્ષામાં સંબધિત વિષયોમાં મેળવેલ પર્સેન્ટાઈલ ના ૫૦% ભારણ રહેશે.
- આ ઉપરાંતની તમામ બેઠકો પર પ્રવર્તમાન જોગવાઈ ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૌલિકા શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના :-

1. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
2. માન. મુખ્યમંત્રીશ્રી ના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
3. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
4. અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણ, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, , સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
6. કુલપતિશ્રી અને રજિસ્ટ્રારશ્રી તમામ યુનિવર્સિટીને જાણ સારું ( ટેકનિકલ શિક્ષણની કચેરી મારફત)

નકલ જરૂરી કાર્યવાહી માટે રવાના :-

1. સંયુક્ત નિયામકશ્રી (એકેડમિક શાખા), ટેકનિકલ શિક્ષણ, નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
2. સભ્ય સચિવશ્રી, એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ, અમદાવાદ

શિક્ષણ વિભાગના તા. ૦૬/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૨૧-૭૪૪-સ સાથેનું બિડાણ :

## સમજુતી કોષ્ટક

## ડિગ્રી ઈજનેરીની લાયકાત અને મેરીટ

<table>
<tr><td colspan="4">પ્રવેશ વર્ષ ૨૦૨૧-૨૨<br>ટેબલ ૧</td></tr>
<tr><td>ડિગ્રી ઈજનેરી ની વિદ્યાશાખા/ અભ્યાસક્રમ</td><td colspan="3">બાયોમેડિકલ, બાયોટેકનોલોજી, નેનો ટેકનોલોજી , ડેરી ટેકનોલોજી, ફૂડ ટેકનોલોજી, રબ્બર ટેકનોલોજી, ટેક્સટાઇલ ટેકનોલોજી, ટેક્સટાઇલ એન્જિનિયરિંગ, ટેક્સટાઇલ પ્રોસેસિંગ, એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ, એગ્રિકલ્ચર ટેકનોલોજી, કેમિકલ અને બાયોકેમિકલ એન્જિનિયરિંગ, બાયોમેડિકલ એન્ડ રોબોટિક એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બાયો સાયન્સ, બાયોઈન્ફોર્મેટિક્સ</td></tr>
<tr><td>લાયકાત</td><td colspan="3">વિદ્યાર્થીની પ્રવેશ લાયકાત માટે ગણિતશાસ્ત્ર/ જીવવિજ્ઞાન/ ભૌતિકશાસ્ત્ર / રસાયણશાસ્ત્ર / કોમ્પ્યુટર સાયન્સ /ઇન્ફોર્મેશન ટેકનોલોજી / ઈલેક્ટ્રોનિકસ / ટેકનિકલ વોકેશનલ વિષય પૈકી કોઈપણ ત્રણ વિષયમાં ૪૫% માર્ક્સ (અનામત કેટેગરી માટે ૪૦% માર્ક્સ) સાથે પાસ કરેલ હોવી જોઈએ.</td></tr>
<tr><td rowspan="3">મેરીટ ની જોગવાઈ</td><td rowspan="2">સરકારી બેઠકો</td><td>સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો</td><td>ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન ના બોર્ડ ના થીયરી પરસેન્ટાઇલ ના ૫૦ % અને સંબંધિત વિષયોની ગુજસેટની પરીક્ષાના પરસેન્ટાઇલ ના ૫૦ % પર મેરીટ બનાવાશે.</td></tr>
<tr><td>સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૦૫% બેઠકો</td><td>JEE (Main) 2021 ના ઓલ ઈન્ડિયા રેન્ક પર મેરીટ બનાવવામાં આવશે.</td></tr>
<tr><td>મેનેજમેન્ટ બેઠકો</td><td>સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો</td><td>સંસ્થા દ્વારા અગાઉથી જાહેર કરેલ બેઠકો પર JEE (Main) 2021 ના ઓલ ઈન્ડિયા રેન્ક અથવા ગુજસેટ પર મેરીટ બનાવવામાં આવશે.</td></tr>
</table>

## પ્રવેશ વર્ષ ૨૦૨૧-૨૨

## ટેબલ ૨

| | | | |
|---|---|---|---|
| ડિગ્રી ઈજનેરી ની વિદ્યાશાખા/ અભ્યાસક્રમ | ટેબલ ૧ માં સમાવેશ કરેલ સિવાયની અન્ય તમામ ડિગ્રી ઈજનેરીની વિદ્યાશાખા/અભ્યાસક્રમ | | |
| લાયકાત | વિદ્યાર્થીની પ્રવેશ લાયકાત માટે ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર સાથે રસાયણશાસ્ત્ર / કોમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેકનોલોજી / ઈલેક્ટ્રોનિકસ / ટેકનિકલ વોકેશનલ વિષયમાં ૪૫% માર્ક્સ (અનામત કેટેગરી માટે ૪૦% માર્ક્સ) સાથે પાસ કરેલ હોવી જોઈએ. | | |
| મેરીટ ની જોગવાઈ | સરકારી બેઠકો | સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો | ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર ના બોર્ડ ના થીયરી પરસેન્ટાઇલ ના ૫૦ % અને સંબંધિત વિષયોની ગુજસેટની પરીક્ષાના પરસેન્ટાઇલ ના ૫૦ % પર મેરીટ બનાવાશે. |
| | | સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૦૫% બેઠકો | JEE (Main) 2021 ના ઓલ ઈન્ડિયા રેન્ક પર મેરીટ બનાવવામાં આવશે. |
| | મેનેજમેન્ટ બેઠકો | સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો | સંસ્થા દ્વારા અગાઉથી જાહેર કરેલ બેઠકો પર JEE (Main) 2021 ના ઓલ ઈન્ડિયા રેન્ક અથવા ગુજસેટ પર મેરીટ બનાવવામાં આવશે. |

શિક્ષણ વિભાગના તા. ૦૬/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૨૧-૭૪૪-સ સાથેનું બિડાણ :

| પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩<br>ટેબલ ૩ | | | |
|---|---|---|---|
| ડિગ્રી ઈજનેરી ની વિદ્યાશાખા/ અભ્યાસક્રમ | તમામ ડિગ્રી ઈજનેરી ની વિદ્યાશાખા/અભ્યાસક્રમ | | |
| લાયકાત | પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩થી વિદ્યાર્થીની પ્રવેશ લાયકાત માટે ગણિતશાસ્ત્ર / જીવવિજ્ઞાન / ભૌતિકશાસ્ત્ર / રસાયણશાસ્ત્ર / કોમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેકનોલોજી / ઈલેક્ટ્રોનિકસ / બીઝનેસ સ્ટડી / એન્ટરપ્રિન્યોરશીપ / ટેકનિકલ વોકેશનલ વિષય પૈકી કોઈપણ ત્રણ વિષયમાં ૪૫% માર્ક્સ (અનામત કેટેગરી માટે ૪૦% માર્ક્સ) સાથે પાસ કરેલ હોવી જોઈએ. | | |
| મેરીટ ની જોગવાઈ | સરકારી બેઠકો | સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો | ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન ના બોર્ડના થીયરી પરસેન્ટાઇલના ૫૦ % અને સંબંધિત વિષયોની ગુજસેટની પરીક્ષાના પરસેન્ટાઇલના ૫૦% પર મેરીટ બનાવાશે. |
| | | સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૦૫% બેઠકો | સંબંધિત પ્રવેશ વર્ષની JEE (Main) ના ઓલ ઈન્ડિયા રેન્ક પર મેરીટ બનાવવામાં આવશે. |
| | મેનેજમેન્ટ બેઠકો | સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો | સંસ્થા દ્વારા અગાઉથી જાહેર કરેલ બેઠકો પર સંબંધિત પ્રવેશ વર્ષની JEE (Main) ના ઓલ ઈન્ડિયા રેન્ક અથવા ગુજસેટ પર મેરીટ બનાવવામાં આવશે. |